# ઈશ્વરને ઓળખવા મુસાએ તેના લોકોને મદદ કરી

## આનદદાયક અને ભયાવહ પરમેશ્વર અંગેના સત્યો

જેઓ બાળકોને શિખવાડે છે તેઓ **D4b** વાંચે.

જો તમે પી.ટી સ્ટડી ગાઈડલંયન્સ ફોર ટેઈનંસ ઓફ નોવીસ શેફર્ડ ના વાચ્યો હોય તો હમાણાં જ વાંચો.

**પ્રાર્થના :** સર્વશકિતમાન અને દયાળુ ઈશ્વર તમે કેવા છો. તે લોકોને શીખવવા મુસા મારફત તમારી ઓળખાણ કેવી રીતે થઈ તે કહેવા મને મદદ કરો.

**યોહાન : ૧- ૧૭** નિયમશાસ્ત્ર મુસાની મારફતે આપવામાં આવ્યુ પણ કૃપા તથા સત્યતા ઈસુ ખ્રિસ્તની મારફતે આવી પુરી પાડવામાં  હાલની જરૂરીયાતો કે જે માટે તમને સમય છે તેવી બાબત પસંદ કરો.

**૧.   ઈશ્વરે પોતાને તેમના લોકો સમક્ષ કેવી રીતે ખુલ્લા કર્યા તે શીખવા તમારૂં મગજ અને હૃદય તૈયાર કરો.**



- ઈશ્વરે લગભગ ૪,૦૦૦ વર્ષ પૂર્વ તેના વિશ્વાસુ અબ્રાહમ ના વંશજોને તેના પવિત્ર લોકો ઈસ્ત્રાએલને પસંદ કર્યા.
- લગભગ ૫૦૦ વર્ષ બાદ ઈશ્વરે મુસા મારફતે ઈસાએલને ગુલામીમાંથી ચમત્કારિક રીતે મીસરમાંથી જુના કરારના કરાર થી છોડાવ્યા તેઓ દેવથી બીવા અને તેની આજ્ઞા પાળવાનું શીખ્યા અત્યારના જમાનામાં તેમના અનુભવો આપણા માટે દાખલા રૂપ છે. (૧ કોરીથી ૧૦:૬).
- લગભગ ૨૦૦૦ વર્ષ પૂર્વ ઈશ્વરે જુના કરારને બદલે બધા લોકોને માટે કૃપાને કરાર ઈસુનું મૃત્યુ અને ફરી જીવંત થવું તેનો નવો કરાર આપો.
- નિર્ગમન -૧ માં જુઓ કે મીસરનો રાજા ઈસ્ત્રાએલીઓથી કેમ બીતો અને કેવી રીતે તેમની સંખ્યા વધે નહી તેવી યોજના કરી. (પાછળથી ,આજ પ્રમાણે નવા જન્મેલા રાજા ઈસુનો નાશ કરવા સારૂ બેથલેહેમમાં બધા નર બાળકોને મારી નાંખવા પ્રયત્ન કર્યો ).
- નિર્ગમન -૨ માં જુઓ, ઈશ્વરે બાળક મુસાને મરણમાંથી કેવી રીતે બચાવ્યો અને જયારે મુસાએ તેના લોકોને પોતાની રીતે  બચાવવાના પ્રયત્નો કર્યો ત્યારે શું બન્યુ ?
- નિર્ગમન -૩ શાશ્વત ઈશ્વરે મુસાને શું કરવા મોકલ્યો અને ઈશ્વરનું પવિત્ર નામ શું છે તે શોધો.

શા માટે **ખ્રિસ્તીઓ પ્રારબ્ધવાદ** જે ક્રુર અને શેતાની વિચારો છે એટલે જે ગ્રહોને  અને દેવોને આપણા નસીબની ખબર છે અને આપણે આપણી ગરીબાઈ દુઃખ અને હતાશા બદલી શકતા નથી એવા વિચારોને નકામા ગણે છે. સર્વકાળિક હું છુ સમયથી પર જીવે છે તેણે સમયને બનાવ્યો અને તે તેની ઉપર અધિકાર ચલાવતો નથી. ઈસુએ કહ્યું સમય આવે છે. (મનુષ્યની દષ્ટિએ ) અને હું જે છું (ઈશ્વરની દષ્ટિએ) કે જયારે તે મુએલાને સજીવન કરશે અથવા ન્યાય કરશે (યોહાન ૫: ૨૮-૨૯) તેણે કહ્યું અબ્રાહમ પહેલા હું છું યોહાન ૮:૫૮ તે સમય અને જગ્યા બંનેમાં સર્વવ્યાપી છે આપણે ભવિષ્યમાં શું કરીશું તેનું ઈશ્વરને પૂર્વ જ્ઞાન છે પણ તે એવું આપણી પાસે કરાવતા નથી તેનું પૂર્વજ્ઞાન આપણાં જીવન બદલાતા નિર્ણયો રદ કરતા નથી. ઈસુએ કહ્યું સત્ય તમને મુક્ત કરશે (યોહાન ૮: ૩૨) પ્રારબ્ધવાદની પકડથી તમારા ટોળાને મુકત કરો. ઈશ્વર આપણા ઓળખે છે. આપણને પ્રેમ કરે છે અને આપણું સાંભળે છે આપણા માટે જે સારૂં અને તેને માન અપાવનારું છે તે માટે તે કાર્ય કરે છે  ઉત્પતિ -૧ બતાવે છે આપણા પૂર્વજ માણસ હતા. ઈશ્વરો અથવા આત્માઓ કયારેય ન હતા.અને ઈશ્વરે સમય અને ઋતુઓ તારાઓ બનાવ્યા છે, આપણા ભવિષ્ય પર નિયંત્રણ રાખવા માટે નહિ.

સ્પષ્ટ કરવા તૈયાર કરે શા માટે આપણે શેતાની શકિતથી મુકત છીએ જયારે મિસરનાો રાજા ઈશ્વરના લોકોને ગુલામીથી મુકત કરતો ન હતો ત્યારે મુસા મારફતે મરકી મોકલી અને મિસરના જુઠ્ઠા દેવો પર ઈશ્વરે પોતાની શકિત દેખાડી (નિર્ગમન -૧૧) મિસરી લોકો માનતા હતા કે નાઈલ મોટી નદી છે અને દૈવી શકિત ધરાવે છે આથી ઈશ્વરે તેના પાણી રકતમાં બદલી નાખ્યું. તેઓ સૂર્યપૂજા કરતા હતા તેથી તેમના પર પ્રભુ અંધકાર લાવ્યા. તેઓ પશુઓની પૂજા કરતા હોવાથી દેવે ગાયો, જુ, માખીઓ અને દેડકા દ્વારા વિપત્તિ લાવ્યો. એક માત્ર શકિતમાન ઈસુ ને જણાવો કે તે તમને જૂઠા આત્માઓની બીક માંથી છોડાવે .

બતાવો કેવી રીતે મુસાના પાંચ પુસ્તકોએ પવિત્ર શાસ્ત્રને પાયો નાંખ્યો.

- **ઉત્પતિ** દર્શાવે છે કે ઈશ્વરે કેવી રીતે શૂન્યમાથી સર્જન કર્યુ. શેતાને આજ્ઞાભંગ કરવા માણસને લલચાવ્યો જે જગતના દૂષણ દુઃખ શિક્ષા અને મૃત્યુ લાવ્યો.
- **નિર્ગમન** પરમ શક્તિશાળી પરમ પવિત્ર અને જે આત્માઓમાં સર્વોપરી છે તે દર્શાવે છે ઈશ્વરે તેના લોકોને પ્રાચિન કાયદો અને આજ્ઞાઓ આપી.
- **લેવીય**ના પુસ્તક મારફતે ઈશ્વર તેના લોકોનાં પાપો કેવી રીતે માફ કરે છે તે લેવીના પુસ્તકમાં દર્શાવ્યુ છે.
- **ગણના**નું પુસ્તક લોકો કેવી રીતે ઈશ્વરના કાયદાભંગ કર્યો તેનુ વર્ણન કરે છે.ઈશ્વરે આ પેઢીને વચનના દેશમાં પ્રવેશ ના આપ્યો.
- **પુર્નનિયમ**નું પુસ્તક ઈશ્વર પાપને સજા કરે છે અને આજ્ઞાપાલનને આશિર્વાદ આપે છે તે દર્શાવે છે.
- આ પ્રાચીન નિયમો અને બનાવો આપણને નવા કરારના સત્યો સમજવા મદદરૂપ થાય છે.
- ઈસુના મરણ અને પુનરુત્થાન દ્વારા પસ્તાવો કરનાર વિશ્વાસીને ક્ષમા અને અનંતજીવન મળે છે.
- ઈસુ એ આપણી મધ્યે રહેવા અને તેને આધીન થવાનું સામર્થ આપવા માટે બાપને પવિત્ર આત્મા મોકલવા કહ્યું.
- તમામ વિશ્વાસીને પરસ્પર તથા ઈશ્વરની સેવા કરવા માટે જુદા જુદા દાન મળે છે.
- મુએલાઓને ઉઠાડવા, અપસ્તાવિકોને સજા કરવા, વિશ્વાસીઓના શરીરોનું રૂપાંતર કરવા અને તેના મહિમામાં લઈ જવા ઈસુ પાછા આવશે જયં આપણે તેને મુખાનુમુખ જોઈશું, તેનો મહિમા કરીશું તથા સદાકાળ આનંદ કરીશું.

**દસ આજ્ઞા**

(૧) મારા સિવાય તારે અન્ય દેવો ન હોય.
(૨) તું તારે સારુ કોઈ કોરેલી મૂર્તિ ન કર.
(૩) તારા દેવનું નામ વૃથા ન લે.
(૪) સાબ્બાથ દિનને પવિત્ર પાળવવાને તું યાદ રાખ.
(૫) તારા બાપનું તથા તારી માનું તૅું સન્માન રાખ

(૬) તું ખુન ન કર.
(૭) તું વ્યભિચાર ન કર.
(૮) તું ચોરી ન કર.
(૯) તું તારા પડોશી વિરુદ્ધ જૂઠી સાક્ષી ન પૂર.
(૧૦) તું તારા પડોશી નામ ઘર પર લોભ ન રાખ.

## ૨. આથી કાર્યકરો સાથે અઠવાડિયા દરમિયાન કરવાની પ્રવૃતિઓની યોજના કરો.

જેઓ ઉપર જણાવેલ પાયાના સિદ્ધાંતોની ગેર સમજણમાં હોય તેઓની અનુયાયીઓ સાથે મુલાકાત લઈ પ્રાર્થના કરો.

તમે તાલિમ આપેલા આગેવાન જુથને પ્રાથમિક સૂચનાઓની જરૂર જણાય તો તૈયારીમાં તેમને મદદ કરો.

## ૩. આગામી ભકિતસભામાટે સાથીકાર્યકરો સાથે આયોજન કરો

સ્પષ્ટ કરો કે પ્રાચિન ઈસ્ત્રાએલીઓને ગુલામીમાંથી છોડાવવા મૂસાને કેવી રીતે તૈયાર કર્યો

- જેમ મિસરના રાજાએ કર્યુ તેવુ જ બેથલેહેમમાં હેરોદે કરેલી નાના બાળકોની હત્યા વિષે પૂછો.
- ચર્ચા કરો કેવી રીતે ઈશ્વરે મુસાને બચાવ્યો અને મુસાએ કેવી રીતે મનુષ્ય પ્રયત્નો દ્વારા તેના લોકોને બચાવ્યા તે અનુયાયીઓને સ્પષ્ટ કરવા જણાવો.

શા માટે આપણે નસીબમાં માનતા નથી અને શા માટે આપણે શેતાની શકિતઓથી મુકત છીએ (ભાગ -૧ ઉપર) તે સ્પષ્ટ કરો.

કેવી રીતે ઈશ્વરનુ પવિત્ર નામ ''હું છું'' સર્વકાલિકતા માં પ્રતિબિંબિત થાય છે. તે **સ્પષ્ટ કરો.**

સમયથી પર હોઈ ઈશ્વર કાળ જ્ઞાની હોવા છતા તેઓ શા માટે આપણી પસંદગી કરવાની સ્વતંત્રતાનો નાશ કરતા નથી. **પૂછો** અને ચર્ચા કરો તે જુએ છે છતાં પણ આપણે ભવિષ્યમાં શું કરવા ઈચ્છીએ છીએ તેમાં દખલરૂપ બનતા નથી.

જયારે ઈસુએ કહ્યું કે સત્ય આપણને મુક્ત કરશે તેનો અર્થ શું ? **પૂછો** અને ચર્ચા કરો.

મુસાના પાંચ પુસ્તકો ઈસુ વિષે સત્ય સમજવા લોકોને કેવી રીતે મદદ કરે છે સ્પષ્ટ કરો.

બાળકોને જે તૈયાર કર્યુ છે તે રજુ કરે.

દુષ્ટ આત્માઓની ગુલામ બનવામાંથી અને પક્ષધાત કરતા  નસીબના વિચારો માંથી ઈશ્વરે તેમને કેવી રીતે બચાવવ્યા તેની અનુયાયીઓ **સાક્ષી** આપે.

**પ્રભુ ભોજન**ની શરૂઆત માટે નિર્ગમન ૭:૧૭ વાંચો જુના કરારમાંનો લાક્ષણિક શાપ મુસાએ પાણીનું રક્તમાં રૂપાંતર કર્યુ તે પ્રથમ ચમત્કાર સ્પષ્ટ કરો આ કાયદા મુજબ લોકો અનુસરે અથવા મૃત્યુ પામે કેમકે અક્ષર મૃત્યુ કારક છે (૨ કોરંથી ૩:૬) આથી ઉલ્ટું ઈસુના પ્રથમ ચમત્કાર લોકોને આશિર્વાદ આપવા માટે પાણીનો દ્રાક્ષારસ બનાવ્યો (યોહાન ૨: ૧-૧૧) પ્રભુ ભોજનના પ્યાલા માટે ઈસુએ કહ્યુ મારા લોહીમાંનો નવો કરાર છે. લુક ૨૨:૨૦

ઈસુ વિષે પાયાના સત્યો મિત્રોને શીખવો બે કે ત્રણનું જૂથ બનાવી એકબીજા માટે પ્રાર્થના કરો.

ભેગામળી ૧ કોરથી ૧૦:૫-૬ **મુખપાઠ કરો.**

Copyright 2004© by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net.